ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# ભીમ સૈનિક સ્વ. ભાનુભાઈની શ્રધ્ધાંજલિ સભા યોજાઈ




ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ આંબેડકર હોલ ખાતે આજે બપોરે અનુસુચિત જાતિ એકતા મંચ દ્વારા શહિદ વીર સ્વ.ભાનુભાઈ વણકરની શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શ્રદ્ધાંજલિ સભામાં વિવિધ સમાજ અને સંગઠનના હજ્જારો ભાઈ બહેનો ઉપસ્થિત રહીને સ્વ. ભાનુભાઈને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

ઉંઝામાં રહેતા ભીમ સૈનિક સ્વ.ભાનુભાઈ વણકર સરકારી નોકરીની સાથે જ સમાજ હિતના કાર્યો કરવા હંમેશા મોખરે રહ્યા હતા. તેઓ સતત સામાજીક હકક અધિકારોની લડાઈ લડતા હતા અને આ અધિકારો પ્રાપ્ત કરવાની લડાઈમાં તેમણે પોતાનું બલિદાન આપ્યું છે. જે આપણા સમાજ માટે ખુબ દુખની બાબત છે. અનુસુચિત જાતિ એકતા મંચ ખુબ જ દુખ સાથે આ ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. દિવંગત ભાનુભાઈના પરિવારને સાથ સહકાર મળે અને દોષિતોને સજા થાય તેમજ પરિવારને હુંફ મદદ થાય એવા ઉદેશથી આજે ગાંધીનગર અનુસુચિત જાતિ એકતા મંચ દ્વારા બપોરે ૩ કલાકે સે-૧૨ આંબેડકર હોલ ખાતે શ્રધ્ધાંજલિ સભા યોજાઈ હતી. જેમાં અનુસુચિત જાતિના તમામ સંગઠનો જેમાં શ્રી વણકર સેવા સમાજ, સંત શ્રી રોહિદાસ સેવા સમાજ, ગુરૂ બ્રાહ્મણ વિકાસ પરિષદ, મહર્ષિ વાલ્મિકી સેવા ટ્રસ્ટ, તુરી બારોટ સેવા સંઘ, ડો.બી.આર.આંબેડકર ક્રેડિટ એન્ડ સપ્લાયર સોસા. ફેડરેશન લી. તથા અન્ય કર્મચારી સંગઠનો તેમજ બામસેફના પ્રતિનિધીઓ, જાગૃત નાગરીકો, મોટીસંખ્યામાં હાજર રહીને સ્વ.ભાનુભાઈને ફુલ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અનુસુચિત જાતિ એકતા મંચ દ્વારા આયોજીત શ્રદ્ધાંજલિ સભા બપોરે શરુ થઈ હતી અને છેક મોડીસાંજ સુધી સતત સમાજના નાગરીકોનો શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ધસારો જોવા મળ્યો હતો. જયારે સમગ્ર આંબેડકર હોલ જય ભીમ જય ભીમના નારાથી ગુંજી ઉઠ્યો હતો.

# ગાંધીનગરમાં આકરી ગરમીનો પ્રારંભ

## જો કે સાંજે તાપમાન ઘટી જતાં બેવડી ઋતુ અનુભવાય છે

ગાંધીનગર, તા.૨૪

ફેબ્રુઆરી માસ હજુ પૂર્ણ થયો નથી ત્યાં જ શહેરમાં આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. પંખા અને એસી ફુલ સ્પીડમાં શરુ થઈ ગયા છે. જો કે સાંજે વાતાવરણ થોડુંક ઠંડુ થઈ જતું હોવાથી બેવડી ઋતુનો અનુભવ થાય છે.



ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડિયાથી આકરી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે. શિવરાત્રી પછી ઠંડી સાવ ઘટી ગઈ છે. દિવસે ખુબ જ આકરો તડકો લાગે છે. મોઢે રૂમાલ બાંધવો પડે છે. આકરો તડકો પડતાં ગરમી પણ વધુ અનુભવાય છે. શહેરમાં મહત્તમ તાપમાન ૩૪.૫ ડિ.સે. સુધી પહોંચી ગયું છે. હવે તો ઘરમાં પણ ગરમીનો અનુભવ વધુ થતાં ફુલ સ્પીડે પંખા ચલાવવા પડે છે. કચેરીઓમાં અને કેટલાક ઘરોમાં તો એ.સી. પણ શરુ થઈ ગયા છે. એ.સી.ની સર્વિસ કરવાવાળાઓને છેલ્લા એક અઠવાડિયાથી જાણે ઘરાકી ઉઘડી હોય તેવું લાગી રહ્યું છે. અત્યાર સુધી માટલાનું પાણી પીવાતું હતું હવે ફ્રીઝના ઠંડા પાણીની જરૂરીયાત રહે છે.

જો કે સૂર્યાસ્ત બાદ વાતાવરણ થોડુંક ઠંડુ થઈ જાય છે. હજુ જમીન ગરમ થતી ન હોવાથી સાંજ પડતા જ વાતાવરણ આહલાદક બની જાય છે. લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી જેટલું રહેતા રાત્રિના સમયે શહેરમાં કયારેક ઠંડક પણ અનુભવાય છે. મહત્તમ અને લઘુત્તમ તમાપનમાં સારો એવો તફાવત રહેતા બેવડી ઋતુનો અનુભવ થાય છે. બેવડી ઋતુના કારણે શરદી-ખાંસી અને તાવના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે.

# સિવિલમાંથી વાહનોની ઉઠાંતરીના કિસ્સામાં વધારો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ૬૦૦ બેડની પથારીવાળી નવી બિલ્ડીંગ પણ દર્દીઓથી ખીચોખીચ ભરેલી રહે છે. ત્યારે મુલાકાતીઓની સંખ્યામાં પણ સવિશેષ વધારો જોવા મળી રહ્યો છે. જેથી સિવિલમાં પે પાર્કીંગ સિવાય આડેધડ વાહન પાર્ક કરતા મુલાકાતીઓના વાહનો ચોર ઈસમો માટે સોફ્ટ ટાર્ગેટ સમાન હોય છે. જેને પગલે સિવિલમાંથી આંતરે દિવસે વાહન ચોરીના કિસ્સા સામે આવે છે. જયારે હવે તો વાહનમાંથી ટાયર ચોરીના બનાવો પણ ધ્યાને આવ્યા છે. ત્યારે સિવીલમાં ચોરીના બનાવો અટકાવવા માટે ત્રિસરી આંખની નજર ગોઠવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં મેડીકલ કોલેજ, હોસ્પિટલ, હોસ્ટેલ સહિતની બિલ્ડીંગો આવેલી છે. સિવિલ કેમ્પસમાં હાલના સમયે પણ વિવિધ ઈમારતો તૈયાર થઈ રહી છે. હોસ્પિટલમાં તાવ થી માંડીને કિડની સુધીના રોગની સારવાર કરવામાં આવે છે. રોજના હજ્જારો દર્દીઓ તેમજ મુલાકાતીઓ કેમ્પસની મુલાકાતે આવે છે. ત્યારે સિવિલમાં પે પાર્કિંગની વ્યવસ્થા છે, છતા તેમા પોતાનું વાહન પાર્ક ન કરતા મુલાકાતીઓ દ્વારા આડેધડ વાહન પાર્ક કરવામાં આવે છે. જેથી વાહનોની સલામતી રહેતી નથી. આડેધડ પાર્ક કરેલા વાહનો ચોર ઈસમો માટે સોફ્ટ ટાર્ગેટ બની રહે છે. આઠમાળની નવી ઈમારત, મેડીકલ કોલેજ તેમજ કેન્ટીનની બાજુમાં પાર્ક કરેલા આડેધડ વાહનોની ઉઠાંતરી થાય છે. તાજેતરમાં તો ગાડીના ટાયર પણ ચોરાઈ જવાની ઘટના બનવા પામી હતી. સિવિલમાંથી છાશવારે વાહન ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે ત્યારે સિવિલ કેમ્પસના ગેટ તેમજ જરુરી ભીડભાડવાળા સ્થાનો પર સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. સિવિલમાં ત્રિસરી આંખ દ્વારા નજર રાખવામાં આવશે તો ઘણી ખરી ઘટના ઓ બનતા અટકી શકે છે. જયારે સીસીટીવી હોય તો પોલીસતંત્રને પણ ચોરીના ગુનાઓ ઉકેલવામાં મદદરુપ બની શકે છે.

# માણસા ખાતે નિઃશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાની આયુર્વેદ શાખા દ્વારા આયુર્વેદ-હોમિયોપેથીના પ્રચાર-પ્રસાર હેતુથી માણસાના નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે ૨૮મી ફેબ્રુઆરીને બુધવારે સવારે ૧૦ થી બપોરે ૨ કલાકે નિઃશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મેગા કેમ્પમાં અગ્નિકર્મ દ્વારા સાંધાનો વા, આમવાત, કમરનો દુઃખાવો, રાંઝણ, સર્વાઈકલ સ્પોન્ડીલાઈટીસ, ટેનિસ એલ્બો જેવા સાંધાના દુઃખાવામાં નિષ્ણાંત વૈદ્ય દ્વારા તાત્કાલિક સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત આયુર્વેદની વિશિષ્ટ દંત ચિકિત્સામાં બતાવેલી હલતા દાંત પાડવાની જાલંધરબંધ પધ્ધતિ દ્વારા કોઈ પણ જાતના રકતસ્ત્રાવ, દુઃખાવા કે ઈન્જેકશન વિના હૃદયરોગી સહિત તમામ દર્દીઓને નિષ્ણાંત વૈદ્ય દ્વારા દાંત પાડી આપવામાં આવશે.

આયુર્વેદ હોમિયોપેથી કેમ્પમાં આધુનિક યુગમાં વધી રહેલા ડાયાબીટીસ, મેદસ્વીપણું અને વંધ્યત્વની સારવાર તજજ્ઞ વૈદ્ય દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે. આ ઉપરાંત હોમિયોપેથીમાં વિશ્વની પ્રચલિત સારવાર પધ્ધતિ 'સંપૂર્ણ મૂળગામી ચિકિત્સા' દ્વારા કેમ્પમાં કિડનીની પથરીની સારવાર આપવામાં આવશે. કિડનીની પથરીમાં હોમિયોપેથીની સંપૂર્ણ નિર્દોષ અને આડઅસર વિનાની 'સંપૂર્ણ મૂળગામી ચિકિત્સા' દ્વારા શરુઆતથી જ સારવાર લેવામાં આવે તો પથરી નીકળી જાય છે તેમજ દવા નિયમિતપણે લેવામાં આવે તો કિડનીની પથરીને ફરીથી બનતી અટકાવી પણ શકાય છે. આ કેમ્પમાં તમામ પ્રકારની સારવાર નિઃશુલ્ક આપવામાં આવશે. અગાઉ દહેગામ તાલુકામાં નિઃશુલ્ક આયુર્વેદ-હોમિયોપેથિક સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૬૬ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ૨૮મી ફેબ્રુઆરીએ માણસા ખાતે યોજાનાર મેગા કેમ્પમાં નાગરિકોને લાભ લેવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારી દ્વારા જણાવાયું છે.

# પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે વિશ્વ સ્કાઉટ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૩૦માં આવેલા પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે વિશ્વ સ્કાઉટ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ વિશ્વ સ્કાઉટ દિવસની ઉજવણી પ્રસંગે સ્કાઉટ અને ગાઈડ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે, સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ એક વિશ્વવ્યાપી દૈવી પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ બાળકોના ચારિત્ર ઘડતરની સાથે દેશપ્રેમ, નિસ્વાર્થ સેવાભાવના અને સંસ્કારસિંચન કરતી દૈવીપ્રવૃત્તિ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સ્કાઉટગાઈડ પ્રવૃત્તિમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને રાજયપાલ અને રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવવાની તક મળે છે. વિશ્વ સ્કાઉટ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે અવલોકન સ્પર્ધા, ગાંઢોની સ્પર્ધા, પીજન્ટ શૉ અને નેચર એજયુકેશન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મહેમાનોની ઉપસ્થિતિમાં ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં વિશ્વ સ્કાઉટ દિવસની ઉજવણી કરી હતી.

# 'પેડમેન' ફિલ્મ બતાવી વિદ્યાર્થીનીઓમાં જાગૃતિ આણવા પ્રયાસ

ગાંધીનગર, તા.૨૪

તાજેતરમાં સુપ્રસિધ્ધ અભિનેતા અક્ષયકુમારની ફિલ્મ 'પેડમેન'ના કારણે દેશભરમાં મહિલાઓના માસિકધર્મ બાબતે ચર્ચાઓ જગાવી છે. આજના યુગમાં પણ ભારતમાં માસિકધર્મ સમયે મહિલાઓ દ્વારા સેનેટરી પેડને બદલે અસુરક્ષિત કપડાંના ઉપયોગને કારણે તેમના સ્વાસ્થ્ય પર થતી અસરો અંગે મોટાભાગની મહિલાઓ અજાણ છે. ગાંધીનગરની રાધે રાધે ટીમ દ્વારા રાંધેજા ગામની કન્યા શાળાની સવા બસ્સો વિદ્યાર્થીનીઓને પેડમેન ફિલ્મ બતાવવામાં આવી હતી તેમજ આ મુદે સમજણ પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકામાં યુવા કિશોરીઓમાં સેનેટરી પેડ વાપરવા બાબતે જાગૃતિ વધે તે હેતુથી રાધે રાધે ટીમ દ્વારા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત રાંધેજા ગામની કન્યા શાળાની ૨૨૦ વિદ્યાર્થીનીઓને થીએટરમાં લઈ જઈને 'પેડમેન' ફિલ્મ બતાવવામાં આવી હતી. ફિલ્મ નિદર્શન બાદ વિદ્યાર્થીઓને જાણીતા ગુજરાતી ફિલ્મ-ટીવી



અભિનેતા જનક ઠકકરનો સંદેશ પણ બતાડવામાં આવ્યો હતો. જેમાં તેમણે વિદ્યાર્થીનીઓને અસુરક્ષિત કપડાંને બદલે સેનેટરી પેડનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો છે. કાર્યક્રમના સમાપને આયોજકોએ વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કરી તેમની મુંઝવણો દૂર કરવા પ્રયાસ કર્યો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ મુંઝવતા સવાલો પુછયા હતા. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થીનીઓને નાસ્તો પણ કરાવાયો હતો. આ કાર્યક્રમનું આયોજન રાધે રાધે ટીમના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, દર્પિતા પટેલ, જાની પટેલ, ધ્રુવા સોની, કિનલ સુખડિયા, મનિષા સુખડિયા અને પ્રકૃતિ સુખડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સે-૬ના મેદાનમાં રખડતો વોન્ટેડ ઘરફોડીયો પકડાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરનાં સે-૬ ખાતે મેદાનમાં એક વોન્ટેડ ઘરફોડીયો ફરી રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે સે-૬ મેદાનમાંથી ઘરફોડીયાને દબોચી લીધો હતો. ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ઘરફોડ ચોરીના કુલ ચાર ગુનાઓમાં આ શખ્સ નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે તેની ધરપકડ કરીને સઘન પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને ટી.આર. ભટ્ટની ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તેમની ધરપકડ માટે કાર્યવાહી કરી રહી છે ત્યારે એક ટીમને બાતમી મળી હતી કે સે-૬ના મેદાનમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દિવાનીયાવાડ વિસ્તારનો ઘરફોડીયો શખ્સ રમણ જીથરા ખરાડ ફરી રહ્યો છે. રમણ જીથરા ગાંધીનગરની સે-૭ પોલિસ સ્ટેશન તથા ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનની હદની ઘરફોડ ચોરીના ગુનામાં તથા મહેસાણાની ઘરફોડ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો હતો. ચોકકસ બાતમી આધારે પીએસઆઈ યુ.આર. નલવાયાની ટીમે સે-૬ના મેદાનમાંથી વોન્ટેડ ઘરફોડીયો રમણ જીથરાને પકડી પાડયો હતો અને તેની ધરપકડ કરી અન્ય કયાં કયાં સ્થળોએ ગુનાઓ આચર્યા છે તેની વિગતો બહાર લાવવા ઈન્ટ્રોગેશન શરુ કર્યું છે.




# સે-૩ સ્થિત એક વકીલના ક્રેડીટ કાર્ડમાંથી રૂ. ૪૩ હજાર ઉપડી ગયા...!

## બેંક અમદાવાદ છે એટલે ત્યાં ફરિયાદ કરવા જવું પડશે : સે-૭ પોલિસ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૩ ખાતે રહેતા અને જિલ્લાની કોર્ટમાં પ્રેકટીસ કરતાં વકીલ ઓનલાઈન ફ્રોડનો શિકાર બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે. વકીલના ક્રેડીટ કાર્ડમાંથી રૂ. ૪૩ હજાર બે તબક્કામાં ઉપડી ગયા હતા. આ મામલે વકીલ સે-૭ પોલિસ સ્ટેશનમાં અરજી લઈને ફરિયાદ આપવા ગયા તો પોલિસે બેંક અમદાવાદ હોવાથી ત્યાં ફરિયાદ કરવા જવું પડશે તેમ કહી દીધું હતું.

સેકટર-૩-ડી ખાતે રહેતા વકીલ આજે સવારે સેકટર-૭ પોલિસ સ્ટેશન પહોંચ્યા હતા. બે દિવસ પહેલા ૨૨ ફેબ્રુઆરીએ તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ક્રેડિટ કાર્ડમાંથી બે તબક્કામાં રૂ. ૪૩ હજારનું ટ્રાન્ઝેકશન થઈ ગયું હતું. આ બાબત વકીલના ધ્યાને આવતા વકીલ આજે પોલિસ સ્ટેશને ઓનલાઈન ફ્રોડની ફરિયાદ કરવા પહોંચ્યા હતા. જો કે સેકટર-૭ પોલિસ સ્ટેશનમાંથી એવો જવાબ મળ્યો હતો કે તમારી બેંક અમદાવાદમાં આવેલી છે એટલે અમદાવાદમાં તમારે પોલિસ ફરિયાદ કરવા જવું પડશે. નિરાશાજનક જવાબ સાંભળીને વકીલ અરજી લઈને પરત ઘરે આવ્યા હતાં.

# સે-૨ પ્રાથમિક શાળાના બાળકોને રમતગમતના સાધનોની ભેટ મળી



ગાંધીનગર, તા.૨૪

રમવું એ બાળકનો જન્મસિધ્ધ અધિકાર છે, આજના યુગમાં સ્પોર્ટસનું મહત્વ વૈશ્વિક સ્તરે ખૂબ જ વધી જવા પામ્યું છે, વળી, રમત ગમતથી બાળકોનો શારિરીક વિકાસ સારી રીતે થાય છે અને તેમનું સ્વાસ્થ્ય પણ સારું રહે છે. આ બાબતને અનુલક્ષીને સેકટર-૨ની પ્રાથમિક શાળાના બાળકોને વોર્ડ નં.૮ના સ્થાનિક કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા વિવિધ રમતોના સાધનોની કીટ ભેટ આપવામાં આવી છે. આ સાધનોમાં ક્રિકેટ માટે બોલ-બેટ, ફુટબૉલનો બૉલ, દોરડાંકૂદ માટેના દોરડાં, ફુલ-રેકેટ વગેરે ઉપરાંત પ્લાસ્ટિકના નાના-મોટા દડાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ કીટ આપવાનો હેતુ બાળકો વ્યાયામના તાસ અથવા રિસેષ કે અન્ય ફ્રી સમયે કુટેવમાં વ્યસ્ત થવાને બદલે રમતો રમી પોતાનું રમત કૌશલ્ય તથા સ્વાસ્થ્ય સુધારી શકે તેવો છે. કીટ મેળવી બાળકો ખૂબ જ આનંદિત થયા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યા માયાબેન ઉપરાંત અન્ય શિક્ષકગણ ઉપસ્થિત રહ્યો હતો.

# સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગમાં એક બ્યુટી પાર્લરમાં આગ : એસીમાં શોર્ટ સર્કીટ બાદ આગ લાગી હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ ખાતે ગઈ કાલે મોડી સાંજે એક બ્યુટી પાર્લરમાં સ્પાર્ક સાથે આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. વીન્ડો એ.સી.માં શોર્ટસર્કીટ બાદ આગ પ્રસરાઈ હોવાની આશંકા છે. આગ વધુ ફેલાય તે પહેલા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ મોટું નુકસાન કે કોઈ જાનહાની અથવા કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

# ગાંધીનગરના પોર ગામને બીએસએનએલના થ્રીજી મોબાઈલ ટાવરની ભેટ મળી

ગાંધીનગર તાલુકાના પોર ગામને આજે થ્રીજી મોબાઈલ ટાવરની ભેટ મળી છે. બીએસએનએલ દ્વારા ગ્રામજનોની માંગણીને અનુલક્ષીને પોર ગામમાં થ્રીજી ટાવર મુકવામાં આવ્યો છે. જેનું ઉદઘાટન આજે સંસદસભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકીના હસ્તે વિધાનસભાના પૂર્વાધ્યક્ષ અને વર્તમાન ધારાસભ્ય શંભુજી ઠાકોરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

પોર ગામમાં બીએસએનએલની મોબાઈલ કનેકિટવીટી અને ઈન્ટરનેટની સેવાઓમાં પડી રહેલ મુશ્કેલીઓના પગલે ગ્રામજનો દ્વારા ગામમાં જ મોબાઈલ ટાવરની માંગ કરવામાં આવી હતી. આ માંગણીને અનુલક્ષીને બીએસએનએલ દ્વારા આજે નવા થ્રીજી કનેકિટવીટી ધરાવતા મોબાઈલ ટાવરની સુવિધા ચાલુ કરી હતી. આ પ્રસંગે સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, ધારાસભ્ય શંભુજી ઠાકોર, બીએસએનએલના પ્રિન્સિપાલ મેનેજર સુશિલકુમાર મિશ્રા, જી.કે લોઢા, જનરલ મેનેજર આશિષ ઠાકર, રમેશ નિકમ, ગાંધીનગરના એરિયા મેનેજર જે.એસ. પટેલ ઉપરાંત ડીઆરડીએ ડિરેકટર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, પોર ગામના સરપંચ, પંચાયત સભ્યો, ટેલિકોમ એડવાઈઝરી કમિટીના સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સુવિધાને પગલે ગ્રામજનોને હાઈસ્પીડ ડેટા કનેકિટવીટીનો લાભ મળશે જેના થકી તેઓ ડિઝીટલ બેંકિંગ, સોશ્યલ મિડીયા વગેરેનો આસાનીથી ઉપયોગ કરી શકશે.




## વાતવાતમાં

● એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંકનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાતના પ્રયાસે પધાર્યું છે. આ પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કાર્યોની સમીક્ષા કરી હતી અને ગાંધીનગર જિલ્લાની મુલાકાત પણ લે તેવી શકયતા છે.

● કાશ્મિરથી ગાંધીનગર આવેલા શિક્ષકોએ શહેરના ૧૦ જેટલા સ્વૈચ્છિક સંગઠનના કર્મશીલોના ઘરની મહેમાનગતિ માણી હતી. આ શિક્ષકોએ એલડીઆરપી કેમ્પસની પણ મુલાકાત લીધી હતી તેમજ સુઘડ ખાતે સફાઈ વિદ્યાલયની પ્રવૃત્તિઓ અંગે પણ જાણકારી પ્રાપ્ત કરી હતી.

● માણસા નજીકના ચરાડા ગામે રિસામણે પિયર આવેલી બે સંતાનોની માતા ઘરમાં બેઠી હતી ત્યારે સાસરિયેથી આવેલી ચાર પાંચ વ્યકિતઓ તેના સંતાનોને ઉઠાવી ગયા હતા. ૬ વર્ષની દિકરી અને ૫ વર્ષના દિકરાને લઈ જનાર સાસરિયા વિરુધ્ધ પરિણિતાએ પોલિસનું શરણું લેતા પોલિસે તપાસ હાથ ધરી છે.

● શહેરની સોસાયટીઓના મધ્યમાં આવેલા ઉદ્યાનોમાં જાહેર શૌચાલય સુવિધા ઉભી કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણયને પગલે રહીશોમાં રોષની લાગણી જન્મી છે.

# આજે દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા વકતવ્યનું આયોજન

ગાંધીનગર, તા.૨૪

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે આજે રવિવારે સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૧૨ સ્થિત ડૉ. આંબેડકર ભવનમાં કવિ નગીનચંદ્ર ડોડિયાના કાવ્યસંગ્રહ વિશે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૫મી ફેબ્રુઆરીએ યોજાનારા આ કાર્યક્રમમાં પ્રસિધ્ધ કવિ નગીનચંદ્ર ડોડિયાના કાવ્યસંગ્રહ 'પિંજિકા' વિશે સાહિલ પરમાર દ્વારા વકતવ્ય આપવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.

# આજે સેન્ટ ઝેવિયર્સ શાળાનો ૪૮ મો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની સેકટર-૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ શાળાનો ૪૮મો વાર્ષિકોત્સવ તા.૨૫ ફ્રબુઆરીને રવિવારના રોજ સાંજે ૭ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઈનામ વિતરણ સમારોહ યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર કોસ્ટગાર્ડના કમાડન્ટ આર.કે.કદમ તેમજ અતિથિ વિશેષ તરીકે વૈશાલી આર.કદમ ઉપસ્થિત રહેશે.

## અવસાન નોંધ

ગાંધીનગર નિવાસી કુસુમબેન જનાર્દનભાઈ પાઠકનું ૨૩-૨-૨૦૧૮ને શુક્રવારે ૭૪ વર્ષની વયે ગાંધીનગર ખાતે અવસાન થયું છે. સદગતનું બેસણું તા. ૨૫-૨-૨૦૧૮ને રવિવારે સવારે ૯ થી ૧૧ કલાકે તેમના નિવાસસ્થાન સે-૫-સી, પ્લોટ નં. ૮૨૨/૧, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ગીતાબેન કાન્તિલાલ ભટ્ટ, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર પરેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૪૦
- સ્વ. આત્મારામભાઈ કાનજીભાઈ ઓડ, ઉ.વ. ૬૫
- સ્વ. ઘેલાભાઈ કરશનભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦